॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● નિ. આસો સુદ-૧ ● તા. ૧૭-૧૦-૨૦૨૦ ● શનિવાર SDP NO: 182 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

નવરાત્રી પ્રથમ દિવસ

આદિશક્તિ દુર્ગાનું પહેલું સ્વરૂપ શ્રી શૈલીપુત્રીનું છે. આ પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેને શૈલીપુત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે તેમની આરાધના અને પુજા કરવામાં આવે છે. તેમની પુજા કરવાથી મુલાધાર ચક્ર જાગ્રત થાય છે, જેના દ્વારા સાધક ને અનેક સિધ્ધીઓ જાતે જ પ્રાપ્ત થાય છે. દેવી ના જમણાં હાથમાં ત્રિશુળ અને ડાબા હાથમાં કમળપુષ્પ તેમજ મસ્તક પર ચંદ્ર ધારણ કરેલો છે. તેમનું વાહન ગાય છે (ક્યાંક વૃષભ પણ કહ્યું છે).

કચ્છ નું અનોખું ઘુડખર અભયારણ્ય

આજથી ઘુડખર અભયારણ્ય પર્યટકો માટે ખુલ્લુ સરકારની COVID-19 ગાઈડલાઈન મુજબ સહિતના નિયમોનું રખાશે ધ્યાન.

કચ્છના નાના રણમાં જોવા મળે છે દુર્લભ પ્રાણી ઘુડખર.

શિયાળામાં વિદેશી પક્ષીઓ પણ મોટી સંખ્યામાં જોવા મળે છે.

આવનાર શિયાળા માં ફરી કચ્છ રણ નું પાણી સુકાઈ ને બનશે નમક જાણે કે બરફ નો અદભુત નજારો ને ત્યારે કહેવાસે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.

આજ થી પ્રારંભ થતી નવરાત્રી ની આપ સૌને સનાતન ધર્મ પત્રિકા પરિવાર તરફથી શુભેચ્છા પાઠવીએ છે.

માઁ નવદુર્ગા આપ સહુના પરિવારમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ, સંપત્તિ અર્પે એજ માં ભગવતી ના ચરણોમાં પ્રાર્થના...

જય આધ્યાશક્તિ

જો આપ આ વખતે સમૂહ માં રમાતી નવરાત્રિ, માતા ની આરતી અને ઢોલ નાં ઢમકાર ને મિસ કરો છો...! તો માનજો આપ હિંદુ સંસ્કૃતિ ને કોઈપણ રીતે બચાવવાના પક્ષમાં છો.

"નવરાત્રિ પર્વની હાર્દિક શુભકામના" ॥ શુભમ ભવતુ: ॥

હર ભારતીય ને માં ના ગરબા ની રમઝટ ની શુભેચ્છા.. **અમરત ભાવાણી - સનાતન ધર્મ. પત્રિકા.**

ક.ક.પા. યુવા ટેલેન્ટ દ્વારા ઈન્ટરનેશનલ લેવલે ઉત્કૃષ્ટ રંગમંચ નું ગૌરવ

સંયોજક : અંબાલાલ પોકાર, ગાંધીધામ.

શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ મેઘપર બોરીચી, આદિપુર- ગાંધીધામ ના યુવાનોએ આંતર રાષ્ટ્રીય રંગમંચ પર નામ રોશન કર્યું.

વાડીલાલ શિવજીભાઇ રૂડાણીનાં બંને પુત્રો તેમજ યુવા સંઘ કચ્છ રિજીયનના પૂર્વ મહામંત્રી અને સરકારી અધિકારી એવા બાબુભાઇ રૂડાણી (ભુજ)ના નાના ભાઈના દીકરા મોક્ષ રૂડાણી અને ઓમકાર રૂડાણી ઈન્ડોનેશિયાનાં જકાર્તા માં યોજાયેલા થિયેટર ફેસ્ટિવલ માં હિન્દી નાટક "સદગતિ" દ્વારા ભાગ લઈ પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે.

આદિપુર - ગાંધીધામ છેલ્લા ત્રણ દાયકાઓથી થિયેટરને સક્રિય કરવાનાં પ્રયાસોમાં કાર્યરત "થિયેટર ઈન (THEATRE - INN)" ગ્રુપ દ્વારા મંચન કરાયેલ "સદગતિ" ઉપરાંત દિલ કી દુકાન , આઝાદી કે દીવાને, આત્મહત્યા, કચરો કે ખિલાડી જેવા નાટકોમાં ભાગ લીધેલો છે.

વ્યવસાયે શિક્ષક પિતાનાં બંને પુત્રો મોક્ષ રૂડાણી M.Sc (Maths)માં માસ્ટર ગ્રેજુએશન કરી હાલ B.ed નો અભ્યાસક્રમ કરી રહેલ છે. તેમજ ઓમકાર રૂડાણી હાલમા B.Sc (Maths) ફર્સ્ટ ઈયર નો અભ્યાસ તોલાણી આર્ટ્સ એન્ડ સાઈન્સ કોલેજ આદિપુરથી કરી રહેલ છે.

બંને ભાઈઓએ નાની ઉમરમાં સારી નામના મેળવી છે. વિધ્યાર્થી યુનિયનની પ્રવૃતિ હોયકે સામાજિક પ્રવૃતિમાં સદા અગ્રેસર મોક્ષ એ સુરત ખાતે યોજાયેલ ૨૦૧૮ ના SUV નોલેજ કાર્નિવલમાં એંકરિંગ કરીને મેઘપર સમાજ નું નામ રોશન કરેલ. મૂળ ગામ વિથોન અને હાલે આદિપુર ખાતે રહેતા આ પરિવારના તમામ સદસ્યો થિયેટર સાથે જોડાયેલ છે.

"થિયેટર ઈન" ગ્રુપ દ્વારા ગાંધીધામ ખાતે Blink Production અને Blink Studio દ્વારા ઊગતા કલાકારોને પ્રોત્સાહન મળે અને શોર્ટ ફિલ્મ મેકિંગ અને રેકોર્ડિંગ ની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.

મોક્ષ અને ઓમકાર ઉપર ઠેર ઠેર થી અભિનંદનની વર્ષા થઈ રહી છે. બંને ભાઈઓ ઉચ્ચ પ્રગતિ કરી સમાજ અને પરિવારનું નામ રોશન કરતાં રહે એવી શુભેછાઓ.

આવ્યું નવલું નવરાત્રીનું પર્વ

જીયાપર ગામ ખાતે સાક્ષાત નવદુર્ગા રૂપી દીકરીઓની ઘેર ઘેર ગરબા ફેરવવાની પરંપરા ઉજાગર કરવાનો પ્રયાસ..

હવન...એક સંપૂર્ણ ચિકિત્સા પદ્ધતિ.

આવો નવરાત્રી દરમિયાન હવન કરીયે પણ એના આધ્યાત્મિક તથ્ય ની સાથે- સાથે એના વૈજ્ઞાનિક તથ્ય ને પણ સમજીને ઋષિમુનિઓ એ માનવ સમાજ ને માનસિક અને શારીરિક રીતે સંપૂર્ણ સ્વસ્થ થવા માટે જો પોતાનું કોઈ સર્વશ્રેષ્ઠ ઉપહાર આપ્યું છે તો એ છે.. યજ્ઞ-વિધાન

પણ આજ સમય ની વિડંબણા છે કે આપણે એના આધ્યાત્મિક પહેલું નેજ ઓળખીએ છીએ..એ કેટલું વૈજ્ઞાનિક છે એ લગભગ જાણતાજ નથી, પણ માણસ જ્યાં સુધી તરસ ના લાગે ત્યાં સુધી કૂઓ ખોદતોજ નથી .

આજ ની વિષમ પરિસ્થિતિ માં જ્યારે સહુ Corona ના સંક્રમણ કાળ માં ભયભીત અવસ્થા માં જીવી રહ્યા છીએ ત્યારે યજ્ઞ નું વૈજ્ઞાનિક પહેલું ને જાણી એને આપણી માનવ જીવન ની દૈનિક દિનચર્યા નું અભિન્ન અંગ બનાવી પોતાનું..પોતાના પરિવાર અને રાષ્ટ્ર નું રક્ષણ કરી શકીએ એમ છે.

યજ્ઞ પર અનેક શોધ (રિસર્ચ) કાર્યો થઈ રહ્યા છે. આજે વૈજ્ઞાનિકો પણ એ દાવો કરે છે કે એક બંધ રૂમ માં હવન કરવા પહેલા જ્યારે જોવા માં આવ્યું ત્યારે ત્યાં ૨૪ જાત ના વિષેલા બેક્ટેરિયા અને પેથોજન્સ હતાં, પણ હવન કરવા બાદ જ્યારે જોવા માં આવ્યું ત્યારે ૯૬% બેક્ટેરિયા અને પેથોજન્સ નાબૂત થઈ ગયા હતા. Carbon Dioxide level પણ ખૂબ ઓછું થઈ ગયું હતું અને Carbon Monoxide જેવી ઝહેરીલી ગેસ જે આપણા શરીર માટે ખાસ કરીને આપણા Lungs માટે ખૂબજ હાનિકારક હોય છે. એનું leval પણ જે હવન પેહલા 11 PPM હતું , ઘટી ને હવન દરમિયાન ૪ અને હવન કરવા પછી 01 પર આવી ગયું હતું..

હવે આપડે સમજી શકીએ છીએ કે હવન પ્રાકૃતિક પરંપરા માં કેટલી વિશેષ વૈજ્ઞાનિક રીતે ઉપયોગી છે.

આજે આપણે સહુ Electro - Magnetic Rays ના સમુંદર માં જીવી રહ્યા છીએ અને એ એટલી બધી dangerous છે કે એના લીધેજ આજ Cancer, Brain Tumor જેવી અસાધ્ય બીમારીઓ અને માનસિક અને શારીરિક વિકૃતિઓ થી માનવ જીવન સંક્રમિત થઈ રહ્યું છે. એનું કંઈક સંપૂર્ણ solution જો થઈ શકે તો એ હવન દ્વાર જ છે..

યજ્ઞ માં હોમાતી ઔષધીય સામગ્રી ની બધી dangerous છે કે એના લીધેજ આજ Cancer , Brain Tumor જેવી અસાધ્ય બીમારીઓ અને માનસિક અને શારીરિક વિકૃતિઓ થી માનવ જીવન સંક્રમિત થઈ રહ્યું છે. એનું કંઈક સંપૂર્ણ solution જો થઈ શકે તો એ હવન દ્વાર જ છે..

યજ્ઞ માં હોમાતી ઔષધીય સામગ્રી ની સાથે સાથે ભાવો થી ઉચ્ચારીત કરેલા મંત્રોચ્ચાર જ્યારે અગ્નિ ના સંપર્ક માં આવે છે ત્યારે એ Cosmic Energy (બ્રહ્માંડિય ઉર્જા) ને નીચે આકર્ષીત કરીને લઈ આવે છે એ ઉર્જા થકીજ માણસ શારીરિક અને માનસિક સ્વસ્થતા અનુભવે છે..આજ ઉર્જા થકી ઋષિ- મુનિયો વરદાન આપતા ને એ ફલિત થઈ જાતા..

આપણે પણ જો સાચી શ્રદ્ધા અને ભક્તિ ની સાથે સાથે એના વૈજ્ઞાનિક તત્વ ને ખરા અર્થ માં સમજી આ નવરાત્રી દરમિયાન હવન કરીશું તો જરૂર થી માં ની મીઠી મેહર આપણા પર વરસસે અને આપણું પરિવાર..સમાજ અને રાષ્ટ્ર Corona રૂપી સંક્રમણ કાળ થી મુક્ત થશે..

માં અંબે ની ઉપાસના કરવાની આ નવરાત્રી ની સહુ ને શુભેચ્છા..

જય માતાજી..

YUVASANGH
Health & Disaster Conv (Vidarbh)
અર્ચના શૈલેશ રંગાણી, ઘાટ રોડ, નાગપુર.

Goddess Shailputri

Origin

After the self-immolation as Goddess Sati, Goddess Parvati took birth as the daughter of Lord Himalaya. In Sanskrit Shail means the mountain and due to which Goddess was known as Shailputri, the daughter of the mountain.

Navratri Worship

Goddess Shailputri is worshipped on the first day of Navratri.

ઘર ઘર માં જગદમ્બે માતાજી ના દીવડા પ્રગટાવીએ..

ઢોલીડા ઢોલ જરા ધીમો વગાડ..
મેતો કીટ કીટ પહેરી છે..
સુરક્ષિત રહો.. માતાની સ્તુતિ કરો..

શ્રદ્ધાંજલિ

સ્વ. હિમ્મતભાઈ ગોવિંદભાઈ પુંજાણી
બીલીમોરા

(લક્ષ્મી નિવાસ, દલીચંદ નગર, કોલેજ રોડ, બીલીમોરા)

સોમનાથ એન્ટરપ્રાઈઝ -ચીખલી .

કચ્છ માં નેત્રા માતાજીના નુ તા.૧૬/૧૦/૨૦૨૦ ને શુક્રવારે સવારમાં ૯.૩૦ કલાકે ૪૯ વર્ષ ની ઉંમરે દુખદ અવસાન થયુ છે..

પરમાત્મા ને ગમ્યુ તે ખરૂં .

આપનો સેવાભાવી, મહેનતુ, કર્મ કરવાનો સિદ્ધાંત અમને સદાયે માર્ગદર્શન આપતો રહેશે .આપ નો હંમેશા ઉત્સાહ આપવાનો સ્વભાવ કેમેય ભુલાય એમ નથી. અમે સહુ આપના આત્મા ને શાંતિ કાજે અને આપના પરિવાર ને પ્રભુ વિશેષ શક્તિ પ્રદાન કરે તે માટે પ્રાર્થના કરીએ છે. શ્રધાંજલિ અર્પણ કરીયે છે.

ઓમ શાંતિ..શાંતિ..શાંતિ....

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ -બીલીમોરા, નવસારી જિલ્લા.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૧૫.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૩૭ :

ઈન્ટરનેશનલ ચેસ દિવસ ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે... ??

જવાબ : ૨૦ જુલાઈ

જવાબ આપનાર વિજેતા : મોહનભાઈ સામજીભાઈ રામાણી - ઈડર ૯૪૨૬૭૫૦૬૧૧.

ગઈકાલ તા.૧૬.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૩૮ :

હિન્દુ સંસ્કૃતિ અનુસાર શ્રાદ્ધના ૧૬, નવરાત્રિના નાં નવ ને કેટલા દિવસે દિવાળી હોય...???

આજના પ્રશ્ન નંબર ૧૩૯ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા **7718977774** પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

॥ સનાતન પરમો ધર્મ ॥
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
પ્રચાર પ્રસાર વાંચો અને વંચાવો...
સનાતન ધર્મ પત્રિકા
સમાજની પ્રગતિનું સાચું પ્રતિબિંબ

● જાહેરખબર ● શુભેચ્છા સંદેશ સાથે શુભેચ્છાઓ ● શ્રદ્ધાંજલી
● વ્યક્તિ વિશેષ ગૌરવ ● પ્રતિભાશાળી વ્યક્તિત્વનો પરિચય
● વ્યવસાયની જાહેરાતો આપવા

★ સંપર્ક સુત્ર ★

૧. શંકરભાઈ રવાણી - 9829051960
૨. નિતિનભાઈ લીમ્બાણી - 9443377812
૩. શાંન્તિભાઈ નાકરાણી - 9425095529
૪. મહેન્દ્રભાઈ સેંઘાણી - 9322233527
૫. CA પંકજ પારસીયા - 9879369121
૬. બાબુભાઈ ભાવાણી - 9879084949

નોંધ : આપની જાહેરાત આ E Mail id પર 20/10/2020 સુધી માં મોકલી આપવા વીનંતી.
sanatandharmpatrika2020@gmail.com

અવસાન નોંધ

તા. ૧૬/૧૦/૨૦

સ્વ. નાગજીભાઈ શીવજીભાઈ ભાદાણી (લીંબાણી), ઉમર વર્ષ ૮૩
કચ્છ માં ગામ નેત્રા, હાલે નવસારી (ગુજરાત).

સ્વ. અક્ષય દિનેશ દિવાણી, ઉમર વર્ષ ૨૪
કચ્છ ગામ ટોડીયા, હાલે નાસિક.

સ્વ. હિંમતભાઈ ગોવિંદભાઈ પૂંજાની, ઉમર વર્ષ ૪૯
કચ્છ ગામ નેત્રા, હાલે બીલીમોરા.